C.R.M.A. No.26/2026

**<u>મે. વિજાપુરના અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુ. વિજાપુર, જી. મહેસાણા</u>**

<u>ફોજદારી પરચુરણ અરજ નંબર : ૨૬/૨૦૨૬</u>
આંક:-૧૯

**અરજદાર :-** **પટેલ મુકેશભાઈ અંબાલાલ, ઉ.વ.આ.૫૫**
રહે. નવુપરૂ, મોતીપુરા (ભાવસોર),
તા.વિજાપુર, જિ.મહેસાણા.

**:: વિરૂધ્ધ::**

**સામાવાળાઓ :-** (૧) **તલાટી કમ મંત્રીશ્રી,**
ગોવિંદપુરા જુથ ગ્રામ પંચાયત,
મુ.તા.વિજાપુર, જિ.મહેસાણા.
(૨) **પ્રિન્સીપાલશ્રી/જવાબદાર અધિકારીશ્રી,**
શ્રીમતી કે.કે. શર્મા હાઈસ્કુલ,
મુ.વિજાપુર, તા.વિજાપુર, જિ.મહેસાણા.

**બાબત:-ગુજરાત સેકન્ડરી એજયુકેશન એકટ ૧૯૭૪ કલોઝ ૬ રેગ્યુલેશન ૧૨(એ)મુજબ....**

---------------------------------------

**અરજદાર તર્ફે:** વિ.વ. શ્રી **યુ.જે. ઝાલા**
**સામાવાળાઓ તર્ફે:** વિ.વ. શ્રી : કોઈ નથી.

---------------------------------------

**<u>-: ઠ રા વ:-</u>**

**(૧)..** અરજદારે હાલની અરજી ગુજરાત એજયુકેશન સેકન્ડરી રૂલ્સ- ૧૨(એ) કલોઝ-(૬) મુજબ દાખલ કરી અરજીમાં એવી દાદ માંગેલ છે કે, અરજદાર પટેલ મુકેશભાઈ અંબાલાલનાએ સામાવાળા નં.૨ પ્રિન્સીપાલશ્રી/જવાબદાર અધિકારીશ્રી શ્રીમતી કે.કે. શર્મા હાઈસ્કુલ, મુ.વિજાપુર, તા.વિજાપુર, જિ.મહેસાણા ખાતે અભ્યાસ કરેલો. અરજદારના સ્કુલ લીવીગ સર્ટી નં.૪૧૫ તથા જનરલ રજીસ્ટરનં.૩૭૨ માં અરજદારની જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૧ લખાયેલ છે, જે ખોટી છે. જયારે અરજદારના

જન્મના પ્રમાણ પત્રમાં અરજદારની જન્મ **તા. ૦૪/૧૦/૧૯૭૧** લખાયેલ છે, જે સાચી છે. જેથી શાળાના જનરલ રજીસ્ટ્રરમાં સુધારો કરવા માટે તેઓએ હાલની અરજી ગુજરાત એજયુકેશન સેકન્ડરી રૂલ્સ– ૧૨(એ) કલોઝ–(૬) મુજબ દાખલ કરેલ છે.

**(૨)..** અરજદાર તર્ફે દાખલ કરેલ અન્ય અરજી વંચાણે લીધેલ છે. આ કામે સામાવાળાનાઓને સમન્સની બજવણી થઈ ગયેલ અને સમન્સ બજતા સોગંદનામું આવેલ છે, સદરહુ અરજી સાથેની સંબંધિત જોગવાઈઓ વંચાણે લીધેલ છે. બંને પક્ષની રજૂઆત સાંભળેલ છે. હાલની અરજી મુજબ અરજદાર પટેલ મુકેશભાઈ અંબાલાલનાએ સામાવાળા નં.૨ પ્રિન્સીપાલશ્રી/જવાબદાર અધિકારીશ્રી શ્રીમતી કે.કે. શર્મા હાઈસ્કુલ, મુ.વિજાપુર, તા.વિજાપુર, જિ.મહેસાણા ખાતે અભ્યાસ કરેલો. અરજદારના સ્કુલ લીવીગ સર્ટી નં.૪૧૫ તથા જનરલ રજીસ્ટરનં.૩૭૨ માં અરજદારની જન્મ તા. ૦૧ /૦૬/૧૯૭૧ લખાયેલ છે, જે ખોટી છે. જયારે અરજદારના જન્મના પ્રમાણ પત્રમાં અરજદારની જન્મ **તા. ૦૪/૧૦/૧૯૭૧** લખાયેલ છે, જે સાચી છે. તે મુજબ સામાવાળા શાળા છોડયાનું નવીન પ્રમાણપત્ર કાઢી આપે તે માટે વિગતવાર રજુઆત કરેલ છે, તથા આં ક–૧૦ થી રજૂ રાખેલ સોગંદનામુ વંચાણે લીધુ.

**(૩)..** આ કામમાં અરજી દાખલ કર્યા બાદ સામાવાળાનાઓને નોટીસ કાઢતા તેને બજી ગયેલ છે ત્યાર બાદ, અરજદારે તથા સામાવાળાઓએ આ કામમાં હાલની અરજી માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| અ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | સામાવાળા નં.૧ તર્ફે પરમાર ગાયત્રીબેન અંબાલાલનું સોગંદનામું |
| ૨ | ૦૫ | સામાવાળા નં.૧નાએ રજૂ કરેલ જન્મ/મરણ રજીસ્ટરનાં ઉતારાની નકલ |
| ૩ | ૦૭ | સામાવાળા નં.૨ તર્ફે ચૌધરી મુકેશકુમાર રઘનાથભાઈનું સોગંદનામું |
| ૪ | ૦૮ | અરજદારની શાળાના જનરલ રજીસ્ટરનાં ઉતારાની નકલ |
| ૫ | ૧૦ | અરજદાર પટેલ મુકેશભાઈ અંબાલાલનું સોગંદનામું |
| ૬ | ૧૧ | અરજદાર તર્ફે સાહેદ પટેલ વિનોદભાઈ જોઈતારામનું સોગંદનામું |

| | | |
|---|---|---|
| ૭ | ૧૨ | અરજદાર તર્ફે સાહેદ પટેલ રોહિતકુમાર ઈશ્વરભાઈનું સોગંદનામું |
| ૮ | ૧૫ | અરજદારના જન્મના પ્રમાણપત્રની નકલ |
| ૯ | ૧૬ | અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ |
| ૧૦ | ૧૭ | અરજદારના આધાર કાર્ડની નકલ |
| ૧૧ | ૧૮ | કલોઝીંગ પુરશીસ |

ગુજરાત એજયુકેશન સેકન્ડરી રૂલ્સની કલમ–૧૨(એ) કલોઝ–(૬)વંચાણે લીધી. એકવાર બાળક શાળા છોડે ત્યાર બાદ, તેના સ્કુલના રેકર્ડમાં મેજીસ્ટ્રેટશ્રીના હુકમ વગર સુધારો કરી શકતા નથી તેવા પ્રકારની જોગવાઈ આવેલ છે.

વધુમાં આ કામે નીચે મુજબની જે ઓથોરીટીઓ છે તે ઘ્યાને લેતાં,

*(૧) ૨૦૦૯(૧) જી.એલ.આર. પાન નં.૨૩૭ અપર્ણાબેન કૃણાલ શાહ વિ.રીજીઓનલ પાસપોર્ટ ઓફીસ*

*(૨) એ.આઈ.આર. ૨૦૦૯ ગુજરાત પાન નં.૫૯,*

*રીજીઓનલ પાસપોર્ટ ઓફીસ વિ.*

*કોકીલાબેન જશંવતલાલ પંચાલ*

*(૩) ૨૦૦૮(૩) જી.સી.ડી.૧૭૬૮(ગુજરાત)*

*નીતાબેન. એન.પટેલ વિરુઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત.*

*(૪) એન.એસ.ઠકકર વિરુઘ્ઘ ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન*

*રૂલ્સ જી.એલ.આર.૨૦૦૭(૩) પેજ નં.૨૨૭૬*

ઉપરોકત ઓથોરીટીઓમાં ના. ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબના સિઘ્ધાંત ઠરાવેલ છે.

(i) જયારે જન્મ રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ તથા સ્કુલ લીવીગ સર્ટીફીકેટમાં કરવામાં આવેલ નોંધમાં ફેર હોય

ત્યારે જન્મ રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધને વઘુ પ્રાધાન્યતા આપવી જોઈએ. સદર ઓથોરીટીમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ કોર્ટને અરજદારનું નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ વિગેરેમાં નોધણીમાં થયેલ ભૂલ અંગે યોગ્ય તપાસ કરી સાચી જન્મ તારીખ, જન્મ સ્થળ, નામ વિગેરે જાહેરાત કરવાનો અધિકાર પહોંચે છે, તેવુ મારૂ નમ્ર પણે માનવુ છે,

આ સંજોગોમાં હાથ ઉપરના કેસમાં જે સુધારો માંગેલ છે તે અરજદારના જન્મના પ્રમાણ પત્રમાં અરજદારની **જન્મ તા.૦૪/૧૦/૧૯૭૧** લખાયેલ છે, જે સાચી છે, જે આ કામે આંક– ૧૫ થી રજૂ છે. જેથી સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટમાં કોલમ નં.૪ માં જન્મ તા.૦૧ /૦૬/૧૯૭૧ સુધારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આ સંજોગોમાં અરજદારની અરજીની હકીકતોને માંગ્યા મુજબ સુધારો કરવા દસ્તાવેજી તથા મૌખિક પુરાવો નિગાહે લેતાં તે હકીકતને સોગંદનામાંથી પણ સમર્થન આપેલ છે, તથા તેવી હકીકતો જયારે કોર્ટ સમક્ષ સોગંદ પર આપેલ છે તેને સમર્થનકારી દસ્તાવેજી પુરાવા પણ મળેલ છે ત્યારે તેને નહીં માનવાનું કોઈ કારણ રહેતું નથી. તે સંજોગોમાં રજુ કરેલ પુરાવાઓ પરથી કાયદાની કલમની જોગવાઈ મુજબ અરજીની સત્યતા તપાસતા સાચી જણાય છે, આ કામે અરજદારના શાળા છોડયાના પ્રમાણ પત્રની નકલ આંક–૧૬ થી રજૂ છે, જે જોતાં સ્કુલ લીવીગ સર્ટીફીકેટમાં સુધારો કરવો ન્યાયોચિત જણાતો હોઈ, જન્મ તારીખના કોલમમાં **તા.૦૪/૧૦/૧૯૭૧** મુજબનો સુધારો કરવા સામાવાળા નં. ૨ ને હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: **<u>આખરી હુકમ</u>** ::–

- અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.
- ધી ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન, ૧૯૭૪ ના વિનિમય નં.૧૨–ક–૬ મુજબ આથી **<u>પ્રમાણપત્ર આપવામાં આવે છે કે</u>**, અરજદાર પટેલ મુકેશભાઈ અંબાલાલની જન્મ **તા.૦૪/૧૦/૧૯૭૧** અરજદારના જન્મના પ્રમાણપત્ર મુજબ સાચી છે.
- ઉપરોકત મુજબનું પ્રમાણ પત્ર ઈશ્યુ કરી અરજદારને આપવું.
- ઉપરોકત પ્રમાણપત્ર રજુ થયેથી સામાવાળા નં.ર પ્રિન્સીપાલશ્રી/જવાબદાર અધિકારીશ્રી શ્રીમતી કે.કે. શર્મા હાઈસ્કુલ, મુ.વિજાપુર, તા.વિજાપુર, જિ.મહેસાણાના જવાબદાર અધિકારીશ્રી અરજદારના સ્કુલ લીવીગ સર્ટી **નં.૪૧૫** તથા જનરલ રજીસ્ટર **નં.૩૭ર** માં નિયમાનુંસરનો સુધારો કરી શકશે.

ઉપરોકત હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૬–૦૩–૨૦૨૬
**સ્થળ:** વિજાપુર

**(ધર્મેન્દ્રકુમાર અશોકભાઈ પટેલ)**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
વિજાપુર જી.જે.૦૧૨૨૮